# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-07-2025** **Morning : 7.45 to 7.55**

**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે માલદીવના 60મા સ્વતંત્રતા દિવસ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે – ભારતના માલદીવ સાથે છ સમજૂતી કરાર થયા
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તમિલનાડુમાં ચાર હજાર 800 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે
3) ગૃહમંત્રી અમિત શાહે ભાગેડુ આતંકવાદીઓ અને દાણચોરોને પરત લાવવા માટે ખાસ પગલાં લેવાનો નિર્દેશ આપ્યો
4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે
5) ભારતની અનાહત સિંહે સ્ક્વોશમાં વિશ્વ જુનિયર ચેમ્પિયનશિપની મહિલા સિંગલ્સ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો

------------------------------------------------------------------------------------

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# PM MODI-MALDIVES INDEPENDENCE DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે માલદીવના 60મા સ્વતંત્રતા દિવસ પ્રસંગે મુખ્ય મહેમાન  તરીકે ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુના ખાસ આમંત્રણ પર શ્રી મોદી માલદીવની મુલાકાતે છે. શ્રી મુઇઝુએ ગઈકાલે તેમના માનમાં ભોજન સમારંભનું આયોજન કર્યું હતું.

આ પ્રસંગે, શ્રી મુઇઝુએ શ્રી મોદીને ભારતના બીજા સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા પ્રધાનમંત્રી બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી મુઇઝુએ શ્રી મોદીના નેતૃત્વની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે બંને દેશો વચ્ચે મજબૂત સંબંધોનો બન્યા રહેશે. શ્રી મુઇઝુએ કહ્યું હતું કે ભારત લાંબા સમયથી માલદીવનો સૌથી નજીકનો અને સૌથી વિશ્વસનીય મિત્ર રહ્યો છે અને બંને દેશો વચ્ચે સુરક્ષા, વેપાર, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે વ્યાપક સહયોગ છે.

. . . . . . . . . . .

# INDIA-MALDIVES MoUs

ભારત અને માલદીવ વચ્ચે ગઈકાલે છ સમજૂતી કરારો પર હસ્તાક્ષર થયા હતા. જેમાં મત્સ્યઉદ્યોગ અને જળચરઉછેર, હવામાનશાસ્ત્ર, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, UPI, ભારતીય ફાર્માકોપીયા અને ધિરાણ સહાયનો સમાવેશ થાય છે. ભારતે માલદીવમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને અન્ય કાર્યો માટે ચાર હજાર 850 કરોડની નવી ધિરાણ સહાયની જાહેરાત કરી હતી. બંને દેશો વચ્ચે એક સુધારા કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેના પગલે માલદીવ પર વાર્ષિક દેવું પાંચ કરોડ 10 લાખ ડોલરથી 40 ટકા ઘટીને માત્ર 2 કરોડ 9 લાખ ડોલર થઈ ગયું છે.

બંને પક્ષોએ મુક્ત વેપાર કરાર શરૂ કરવા માટે વાટાઘાટો શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ મુઇઝુએ સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા સહયોગને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

સંયુક્ત પ્રેસ નિવેદનમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે ભારત અને માલદીવ રાજદ્વારી સંબંધોના સાંઈઠ વર્ષની ઉજવણી કરી રહ્યા છે. તેમણે બંને દેશો વચ્ચેના સંબંધોને ઇતિહાસ કરતાં જૂના અને સમુદ્ર જેટલા ઊંડા ગણાવ્યા હતા. શ્રી મોદીએ માલદીવની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત બનાવવામાં ભારતના સતત સમર્થનની પણ ખાતરી આપી હતી.

## (બાઇટ -- પ્રધાનમંત્રી મોદી – ટ્રેડ)

માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મુઇઝુએ લોન સહાય માટે ભારતનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે લોન સહાયનો ઉપયોગ સંરક્ષણ, બંદરો, આરોગ્યસંભાળ, શિક્ષણ અને આવાસ સહિત વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવશે. રાષ્ટ્રપતિ મુઇઝુએ ભાર મૂક્યો કે ભારત આરોગ્યસંભાળ ક્ષેત્રમાં માલદીવનો મુખ્ય ભાગીદાર છે. તેમણે સ્પષ્ટ કર્યું કે માલદીવ ભારત સાથે સહયોગને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

પ્રધાનમંત્રી મોદી અને માલદીવના રાષ્ટ્રપતિએ સંયુક્ત રીતે માલદીવ સરકારના સંરક્ષણ મંત્રાલયના નવા ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું.

. . . . . . . . . . . .

# TN-PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી તમિલનાડુની બે દિવસની મુલાકાત લઈ રહ્યા છે. યુકે અને માલદીવથી પરત ફર્યા બાદ તેઓ સીધા તુતીકોરિન જશે જ્યાં તેઓ આજે ચાર  હજાર 800 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. જેમાં તુતીકોરિન એરપોર્ટ પર નવી ટર્મિનલ બિલ્ડિંગ, સેઠિયાટોપ્પુ-ચોલાપુરમનું ચાર લેનિંગ, તુતીકોરિન બંદર રોડનું છ  લેનિંગ, મદુરાઈ-બોદિનાયકનુર રેલ્વે લાઇનનું વીજળીકરણ અને નાગરકોઇલ-કન્યાકુમારી સેક્શનનું ડબલિંગ શામેલ છે.

શ્રી મોદી કૂડનકુલમ પરમાણુ વીજ પ્લાન્ટમાંથી વીજળીની નિકાસ માટે આંતર-રાજ્ય પ્રણાલીનો શિલાન્યાસ પણ કરશે.  પ્રધાનમંત્રી તિરુચિરાપલ્લીના ગંગઈકોંડા ચોલાપુરમ મંદિરમાં આદિ તિરુવથીરઈ મહોત્સવ સાથે મહાન ચોલ સમ્રાટ રાજેન્દ્ર ચોલા-પ્રથમની જન્મજયંતિ ઉજવણીમાં પણ ભાગ લેશે.

. . . . . . . . . . . .

# KARGIL VIJAY DIWAS

સમગ્ર દેશમાં આજે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ 1999 માં પાકિસ્તાન સામેના કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા બહાદુર સૈનિકોની યાદમાં ઉજવવામાં આવે છે. આ દિવસ કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન સામેના ઓપરેશન વિજયની સફળતાને દર્શાવે છે. આ ઓપરેશનમાં, ભારતીય સશસ્ત્ર દળોએ જમ્મુ અને કાશ્મીરના કારગિલના તે વિસ્તારો પર ફરીથી નિયંત્રણ સ્થાપિત કર્યું, જ્યાં પાકિસ્તાની સૈનિકો અને આતંકવાદીઓએ ઘૂસણખોરી કરી હતી.

. . . . . . . . . . . .

# RIJIJU-OPERATION SINDOOR

સોમવારે લોકસભામાં જમ્મુ અને કાશ્મીરમાં પહેલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર હેઠળ ભારતની કાર્યવાહી પર ખાસ ચર્ચા થશે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાની અધ્યક્ષતામાં મળેલી કાર્યકારી સલાહકાર સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતાં વધુમાં આ મુજબ જણાવ્યું હતું

**(બાઇટ - કિરેન રિજિજુ)**

શ્રી રિજિજુએ સંસદની સુગમ કામગીરી માટે વિપક્ષી પક્ષોને સત્રમાં ખલેલ ન પહોંચાડવાની અપીલ કરી. તેમણે એમ પણ કહ્યું કે ન્યાયાધીશ યશવંત વર્માને હટાવવાનો મુદ્દો સંયુક્ત રીતે ઉઠાવવો જોઈએ.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

# HM-NSS CONFERENCE

ગૃહમંત્રી અમિત શાહે ભાગેડુ આતંકવાદીઓ અને દાણચોરોને પરત લાવવા માટે ખાસ પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે.

ગઈકાલે નવી દિલ્હીમાં બે દિવસીય રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના પરિષદમાં તેમણે કેન્દ્ર અને રાજ્ય કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે તાલમેલ વધારવા અને દેશની અંદર વધતા આતંકવાદી નેટવર્ક સામે કડક કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો હતો. શ્રી શાહે આતંકવાદીઓ દ્વારા એન્ક્રિપ્ટેડ સંદેશાઓના દુરુપયોગનો ઉકેલ શોધવા માટે તમામ પક્ષોને સાથે મળીને કામ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે પોલીસ સંગઠનોમાં ફક્ત સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા પણ કહ્યું હતું.

ગઈકાલે પરિષદના પહેલા દિવસે નશીલા પદાર્થના વેપારમાં સામેલ વિદેશી શક્તિઓના  સ્થાનિક સંપર્કો સાથેના સંબંધો અને આતંકવાદીઓને ભંડોળ પૂરું પાડવાના સ્ત્રોતો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.  દેશભરમાંથી લગભગ 800 અધિકારીઓએ પરિષદમાં ભાગ લીધો. આજે પરિષદના બીજા દિવસે નાગરિક ઉડ્ડયન, બંદર સુરક્ષા અને ડાબેરી ઉગ્રવાદ પર પણ ચર્ચા કરવામાં આવશે.

. . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 124મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

...........................

# AMARNATH YATRA

જમ્મુના ભગવતીનગર બેઝ કેમ્પથી આજે વહેલી સવારે બે હજાર ત્રણસોથી વધુ યાત્રાળુઓનો બીજો એક સમૂહ શ્રી અમરનાથજી માટે રવાના થયો. તેમાં એક હજાર આઠસો નેવું પુરુષો, ત્રણસો સિત્તેર મહિલાઓ, છ બાળકો, 46 સાધુઓ અને પાંચ સાધ્વીઓનો સમાવેશ થાય છે. જેમાંથી સાતસો એકતાળીસ યાત્રાળુઓ બાલતાલ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા, જ્યારે એક હજાર પાંચસો ત્રીઆસી યાત્રાળુઓ પહેલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા.

. . . . . . . . . . . .

# SQUASH

સ્ક્વોશમાં, ભારતના અનાહત સિંહે ઇજિપ્તમાં વિશ્વ જુનિયર ચેમ્પિયનશિપની મહિલા સિંગલ્સ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીતી ઇતિહાસ રચ્યો. તે છેલ્લા 15 વર્ષમાં આ સ્પર્ધામાં ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય છે. આ અગાઉ દીપિકા પલ્લીકલે 2010 માં આ ખિતાબ જીત્યો હતો.

અનાહત સિંહને સેમિફાઇનલમાં ઇજિપ્તની નાદીન એલ્હામામીએ પરાજય આપ્યો હતો.

. . . . . . . . . . . . .

# હવે આજનાં અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

* પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માલદિવ પ્રવાસ અંગેના મુખ્ય સમાચાર લગભગ તમામ અખબારોએ બનાવ્યા છે. માલદિવ્સને વિકાસ માટે ભારતની 5 હજાર કરોડની લોન એવું મુખ્ય મથાળું ગુજરાત સમાચારે લખ્યું છે. તો ફૂલછાબ લખે છે કે, હવે માલદીવ સાથે "એફટીએ" ની તૈયારી, વણસેલા સંબંધોમાં નવી ઉર્જાની શરૂઆત: મુઇજ્જુએ કર્યું મોદીનું સ્વાગત, 4 હજાર 850 કરોડની લોન અને અન્ય ભેટ આપતી ભારત સરકાર. અમારા માટે દોસ્તી પહેલી : માલદીવમાં મોદી એવું સંદેશે લખ્યું છે. જ્યારે દિવ્ય ભાસ્કરે માલદીવ સાથે ટ્રેડ-ડિફેન્સ એગ્રીમેન્ટ થશે: મોદીના સમાચાર પેહલા પેજ પર લીધા છે.

* અશ્લીલતા ફેલાવતી 25 OTT એપ્સ પર પ્રતિબંધના સમાચાર તમામ અખબારોએ પહેલા પેજ પર લીધા છે.

રાજ્ય અને સ્થાનિક સમાચારમાં ગાંધીનગરના રાંદેસણમાં હિટ એન્ડ રનનો કેસ , શિક્ષકોની ઘટ પુરવા નિવૃત્ત શિક્ષકોની સેવા લેવાશે જેવા સમાચાર છેલ્લા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.

. . . . . . . . . . . .